# વિષય - ગણિત   ૧૨. કેટલું ભારે અને કેટલું હલકું

❖ અધ્યયન નિષ્પતિ:- ૧.વસ્તુઓનું અંદાજીત વજન કરે છે અને સાદા ત્રાજવાની મદદથી હલકી - ભારે વસ્તુઓ નક્કી કરે છે.

૨. વજનનાં નાના-મોટા પ્રમાણિત એકમ (ગ્રામ-કિલોગ્રામ) સમજે છે અને રૂપાંતર કરે છે.

૩. વજન અને રૂપિયા-પૈસાના આંતર સંબધો ધરાવતાં વ્યવહારુ કોયડા ઉકેલે છે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૧૦૦૦ ગ્રામ એટલે .................. કિલોગ્રામ

(અ) ૧૦ (બ) ૧ (ક) ૧૦૦ (ડ) ૧૦૦૦

(૨) અડધો કિલોગ્રામ એટલે .......................

(અ) ૫૦૦ ગ્રામ (બ) ૧૦૦ ગ્રામ (ક) ૧૦૦૦ ગ્રામ (ડ) ૧૦ ગ્રામ

(૩) નીચેની પૈકી કઇ વસ્તુ મોટેભાગે ગ્રામમાં ખરીદીએ છીએ ?............................................

(અ) ઘઉં (બ) તેલ (ક) ખાંડ (ડ) લવિંગ

(૪) નીચેની પૈકી કઇ વસ્તુ મોટેભાગે કિલોગ્રામમાં ખરીદીએ છીએ ?...........................

(અ) ઈલાયચી (બ) ચોખા (ક) ચા (ડ) સૂકી દ્રાક્ષ

(૫) ધોરણ - ૪ ગણિત ગમ્મત પાઠયપુસ્તકનું અંદાજીત વજન કેટલું થશે ?.................................

(અ) ૨ કિગ્રા (બ) ૭૫૦ ગ્રામ (ક) ૨૫૦ ગ્રામ (ડ) ૧ કિગ્રા

(૬) ૩ કિગ્રા ૫૦૦ ગ્રામ ગોળનું વજન કરવા માટે નીચેના પૈકી કયા વજનિયાં વાપરશો ?.......................

(અ) ૨ કિગ્રા, ૧ કિગ્રા અને ૫૦૦ ગ્રામ (બ) ૧ કિગ્રા અને ૨ કિગ્રા


(ક) ૨ કિગ્રા, ૫૦૦ ગ્રામ અને ૨૦૦ ગ્રામ (ડ) ૩ કિગ્રા અને ૫૦૦ ગ્રામ


(૭) નીચેનામાંથી કયુ વજન ૧ કિગ્રા બરાબર છે ?..........................


(અ) ૨૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ (બ) ૧૦૦ ગ્રામ, ૫૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ


(ક) ૫૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦ ગ્રામ (ડ) ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ

**પ્રશ્ન-૨. નીચે આપેલા વજનિયાં પૈકી કયુ પલ્લું નીચે ઝૂકશે ? તેની નીચે ✓ નિશાની કરો.**



પ્રશ્ન-૩. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) એક ઊંટગાડીમાં ઊંટની ભાર ખેંચી શકવાની ક્ષમતા ૧૨૦૦ કિગ્રા છે. ઊંટગાડીમાં ખાંડની ૫૦ કિગ્રા વજનની ૩ ગુણ, ૧૫ કિગ્રા વજનના તેલના ડબ્બા ૩૦ નંગ, ચોખાની ૨૫ કિગ્રા વજનની ૨૦ ગુણ, ૨૦ કિગ્રા વજનના બટાકાના ૪ કોથળા અને ૨૦ કિગ્રા વજનના ડુંગળીના ૬ કોથળા મુકેલાં છે. શું ઊંટ આટલું વજન ખેંચી શકશે ? અને જો ના હોય તો કઇ કઇ સામગ્રી ઓછી કરશો.?

(૨) ૧૨૦૦ ગ્રામ એટલે કેટલા કિલોગ્રામ થાય ?..........

(૩) ૨ કિલોગ્રામ અને ૨૫૦ ગ્રામ એટલે કેટલા ગ્રામ થાય ?..........

(૪) ૫૦૦૦૦ ગ્રામ એટલે કેટલા કિલોગ્રામ ?..........

(૫) દામજી દુકાનદાર પાસે ૫ કિગ્રા, ૧ કિગ્રા, ૨ કિગ્રા, ૫૦૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ અને ૫૦ ગ્રામના વજનિયાં છે. નીચેના વજનની વસ્તુઓ તોલવા માટે કયા કયા વજનિયા વાપરશે તે લખો. ( એક વજનિયું એક જ વખત વાપરે છે )

(અ) ખાંડ - ૨ કિગ્રા અને ૨૫૦ ગ્રામ - ..........

(બ) ચણાનો લોટ - ૭૫૦ ગ્રામ - ..........

(ક) તુવેરની દાળ - ૩ કિગ્રા અને ૫૦૦ ગ્રામ - ..........

પ્રશ્ન-૪. રોહન દામજી દુકાનદાર પાસેથી નીચે કોષ્ટકમાં આપેલ ભાવ પત્રક પ્રમાણે વસ્તુઓ ખરીદે છે. તેના પરથી પ્રશ્નોના જવાબ આપો.

| વસ્તુ | રૂપિયા ૧ કિગ્રા દીઠ |
|---|---|
| બટાકાં | ૧૫ રૂ. |
| ખાંડ | ૪૦ રૂ. |
| ગોળ | ૩૫ રૂ. |
| ચા | ૨૪૦ રૂ. |
| મગ | ૮૦ રૂ. |

(૧) રોહને ૨ કિગ્રા ગોળ અને ૧ કિગ્રા અને ૫૦૦ ગ્રામ ખાંડ ખરીદી તો કુલ કેટલા રૂપિયા ચૂકવશે ?

(૧) રોહને કુલ ૭૫ રૂ. ચૂકવીને બટાકા ખરીદ્યા તો તેણે કેટલા કિગ્રા બટાકા ખરીદ્યા હશે ?

(૩) રોહને ૨૫૦ ગ્રામ ચાના બે પેકેટ ખરીદ્યા તો તેણે કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?

(૫) રોહને ૨ કિગ્રા મગ ખરીદ્યા અને દામજીને ૨૦૦ રૂપિયાની નોટ આપી. શું રોહને વધારે પૈસા આપ્યાં ? જો ના હોય તો દામજી કેટલા રૂપિયા પરત આપશે ?

## પ્રશ્ન-૫. નીચે આપેલી પોસ્ટ ઓફિસની પોસ્ટલ દરની વિગત પરથી પ્રશ્નોના જવાબ આપો.

भारतीय डाक INDIA POST

**ટપાલના દર**

| ટપાલની વસ્તુઓ | ટપાલના દર ₹ માં |
|---|---|
| ફક્ત એક જ ટપાલ | ૦.૫૦ |
| છાપેલી ટપાલ | ૬.૦૦ |
| આંતર્દેશીય પત્ર | ૨.૫૦ |
| પત્રનાં વજન | |
| (૧) ૨૦ ગ્રામ અથવા તેનાથી ઓછું | ૫.૦૦ |
| (૨) દરેક વધારાનાં ૨૦ ગ્રામ માટે | ૨.૦૦ |
| પાર્સલનું વજન | |
| (૧) ૫૦ ગ્રામ અથવા તેનાથી ઓછું | ૫.૦૦ |
| (૨) દરેક વધારાનાં ૫૦ ગ્રામ માટે | ૩.૦૦ |

(૧) ૨૦ ગ્રામ વજનવાળા પત્ર પર લગાવવાની ટિકિટ ખરીદવા કેટલા રૂપિયા ચૂકવવા પડે ?.............

(૨) ૨૦૦ ગ્રામ પાર્સલ મોકલવા કેટલી કિંમત ચૂકવવી પડે ?.........................................................

(૩) ૮૦ ગ્રામ વજનનાં પત્ર મોકલવા કેટલી કિંમત ચૂકવવી પડે ?.........................................................

(૪) છાપેલી ટપાલ પર કેટલા દરની ટિકિટ લાગશે ?.......................................................................

(૫) સોહને ૨૦ ગ્રામના બે પત્ર અને ૧૦૦ ગ્રામનું એક પાર્સલ મોકલ્યું તો તેણે કેટલી કિંમત ચૂકવી હશે ?

(૬) મેઘનાએ પોસ્ટઓફિસમાં જઈને એક પાર્સલ મોકલ્યું અને ૧૧ રૂ. ચૂકવ્યાં તો તેણે કેટલા ગ્રામનું પાર્સલ મોકલ્યું હશે ?

## પ્રશ્ન-૬. નીચે આપેલા દાખલાં ગણો.

| | | |
|---|---|---|
| (૧) મીનાએ ૨૪ કિગ્રા ૨૫૦ ગ્રામ બટાકામાંથી ૧૫ કિગ્રા ૧૫૦ ગ્રામ બટાકાની વેફર બનાવી. હવે તેની પાસે કેટલાં બટાકા વધ્યાં હશે ? | (૨) સીમા પાસે ૪ કિગ્રા મરચું છે. તેના ૨૦૦ ગ્રામના નાના પેકેટમાં ભરવા કેટલા પેકેટની જરૂર પડે ?... | (૩) એક દુકાનદાર પાસે ૧૨ પેકેટ ચવાણું છે. એક પેકેટમાં ૫૦૦ ગ્રામ ચવાણું હોય તો કુલ કેટલું ચવાણું હશે ? |